**સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના (UDP-78) હેઠળ મહાનગરોમાં આંગણવાડીઓ(નંદ ઘર)ના બાંધકામ માટે સહાય. સૈધ્ધાંતિક મંજૂરી આપવા બાબત.**

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : સજય-૧૦૨૦૧૩-SF.૨૩-ધ
સચિવાલય, ગાંધીનગર.
તા. 30/03/૨૦૧૩

વંચાણે લીધા :-

(૧) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા. ૧૦/૭/૧૨નો પત્ર ક્રમાંક : યોજના-૨/આઇસીડીએસ/બાંધકામ/૨૦૧૨-૧૩
(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો ઠરાવ ક્રમાંક : સજય/૧૦૨૦૧૨/૨૨૭/ધ તા. ૧૫/૦૫/૨૦૧૨.
(૩) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો ઠરાવ ક્રમાંક : સજય/૧૦૨૦૧૧/૪૧૪૪/ધ તા. ૦૩/૦૯/૨૦૧૨.
(૪) ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડની તા. ૨૮/૦૩/૧૩ની ફાઇલ ક્રમાંક SF-23-Dh પરની દરખાસ્ત

આમુખ:-

કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા વંચાણેમાં ક્રમ: ૧ આગળની દરખાસ્તથી રાજ્યની ૮ મહાનગરપાલિકાઓમાં કુલ ૪૧૮૯ આંગણવાડીઓના મકાનોના બાંધકામ માટે યુનિટ દીઠ રૂ. ૫.૫૦ લાખની સહાય લેખે કુલ રૂ. ૨૩૦.૩૯ કરોડની ગ્રાંટ રાજ્યની મહાનગરપાલિકાઓને ઉપલબ્ધ કરાવવા વિનંતી કરવામાં આવી હતી. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણવિભાગ ધ્વારા ઉપર વંચાણે લીધેલ (૩) મુજબ ના તા. ૩/૦૯/૨૦૧૨ ના પરિપત્રથી આંગણવાડી કેન્દ્રના મકાન બાંધકામ માટે યુનિટ દીઠ રૂ. ૪ લાખની બદલે રૂ. ૫.૫૦ લાખના ખર્ચને મંજૂરી આપવામાં આવેલ હતો. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીની દરખાસ્તના અનુસંધાને ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ ધ્વારા ઉપર વંચાણે દર્શાવેલ ક્રમાંક – (૩) મુજબ આ આંગણવાડી મકાનો માટેની ગ્રાંટ મંજૂર

૯
30 03 13

30 MAR 2013

૪૩૮

કરવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી. કાળજી પૂવર્કની વિચારણાના અંતે આ બાબતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:-

રાજ્યની ૮ મહાનગરપાલિકાઓમાં કુલ ૪૦૮૯ આંગણવાડી મકાનોના બાંધકામ માટે યુનિટ દીઠ રૂ. ૫.૫૦ લાખના દરે કુલ રૂ. ૨૨૪.૮૯૫ કરોડના કામોને વંચાણેમાં દર્શાવેલ ક્રમાંક (૨)ના ઠરાવની જોગવાઇ મુજબ **સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના (UDP-78) ના સામાજિક આંતરમાળખાકીય સુવિધાઓના ઘટક** હેઠળ નીચે દર્શાવેલ પત્રક મુજબ આથી સૈધ્ધાતિક મંજૂરી આપવામાં આવે છે.

(રૂ. કરોડમાં)

| ક્રમ | મહાનગરપાલિકા નુ નામ | આંગણવાડી ની સંખ્યા | રૂ. ૫.૫૦ લાખ દીઠ સૈદ્ધાંતીક મંજૂરીની કુલ રકમ | વર્ષ ૨૦૧૨-૧૩ની ઉપલબ્ધ ગ્રાન્ટમાંથી મંજૂરીની રકમ | કુલ મંજૂરી મુજબ ચુકવવાની બાકીની રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૪ – ૫ = ૬ |
| ૧ | અમદાવાદ | ૧૯૮૯ | ૧૦૯.૩૯૫ | ૬૮.૪૬૫ | ૪૦.૯૩૦ |
| ૨ | સુરત | ૭૧૫ | ૩૯.૩૨૫ | ૨૪.૬૬૧ | ૧૪.૭૧૪ |
| ૩ | વડોદરા | ૩૦૫ | ૧૬.૭૭૫ | ૧૦.૪૯૯ | ૬.૨૭૬ |
| ૪ | રાજકોટ | ૩૩૦ | ૧૮.૧૫૦ | ૧૧.૩૫૯ | ૬.૭૯૧ |
| ૫ | ભાવનગર | ૧૭૪ | ૯.૫૭૦ | ૫.૯૮૯ | ૩.૫૮૧ |
| ૬ | જામનગર | ૨૯૫ | ૧૬.૨૨૫ | ૧૦.૧૫૪ | ૬.૦૭૧ |
| ૭ | જૂનાગઢ | ૨૬૩ | ૧૪.૪૬૫ | ૯.૦૫૩ | ૫.૪૧૨ |
| ૮ | ગાંધીનગર | ૧૮ | ૦.૯૯૦ | ૦.૬૨૦ | ૦.૩૭૦ |
| | કુલ | ૪૦૮૯ | ૨૨૪.૮૯૫ | ૧૪૦.૭૫૦ | ૮૪.૧૪૫ |

ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા આ રકમ મહાનગરપાલિકાઓને ચૂકવવાની રહેશે. ઉપર કોલમ (૬) માં દર્શાવ્યા મુજબ ની બાકીની રકમ નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં કામોની પ્રગતિના આધારે તબકકાવાર ચૂકવવાની પણ આથી મંજુરી આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.કે.ઠાકર)
ઉપ સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

પ્રતિ,

- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર.
- અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ગાંધીનગર.
- સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
- સીલેકટ ફાઇલ.